પ્રસન્નતા, વસંતઋતુ જેવી છે તેનાથી હૃદયબાગનાં તમામ પુષ્પો ખુલી ઉઠે છે
- જોન પોલ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૪૫ | ૩ ઓગષ્ટ ૨૦૧૨, શુક્રવાર, શ્રાવણ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# સેક્ટરોના છ દવાખાનાં અપગ્રેડ કરાશે

## આ દવાખાનાં ગાયનેક સુવિધા સાથે ૨૪X૭માં રૂપાંતરિત કરવા અંગેની વિચારણા અંતિમ તબક્કામાં

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરનાં વિવિધ સેક્ટરોમાં આવેલા સરકારી દવાખાનાઓ પૈકી છ સેક્ટરોના દવાખાનાને અપગ્રેડ કરી ૨૪-૭માં રૂપાંતરિત કરવામાં આવશે. જ્યારે સે. ૩૦ના દવાખાનાને મોડેલ હેલ્થ સેન્ટર તરીકે નવેસરથી બાંધકામ કરી અપગ્રેડ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં આરોગ્યસેવાના સઘનીકરણ અંગે હાલ આરોગ્ય તંત્ર દ્વારા ગંભીર વિચારણા ચાલી રહી છે. જેમાં છ દવાખાનાઓને અપગ્રેડ કરી ૨૪x૭માં રૂપાંતરિત કરવામાં આવશે. આ સેક્ટરોના દવાખાનામાં સે. ૨૪, સે. ૨૮, સે. ૩૦, સેક્ટર-૨ અને સે. ૧૭નો સમાવેશ થતો હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે સેક્ટરોમાં આવેલા દવાખાનાઓમાં હાલની ઓ.પી.ડી.ની સેવાઓ અને નોંધાયેલા દર્દીઓ તેમજ અપગ્રેડેશન કરતાં આ દવાખાનાઓ હેઠળ આવરી લેવામાં આવનાર વિસ્તાર સહિતની બાબતોને આવરી લઈ એક ડિટેઈલ દરખાસ્ત જિલ્લાના અધિકારીઓની બનેલી ઉચ્ચસ્તરીય કમિટીએ રાજ્ય સરકારના આરોગ્ય વિભાગને સુપ્રત કરી દીધી છે.

આ દરખાસ્તને ધ્યાને રાખી હવે તંત્રએ આ માટેની સ્ટાફ પેટર્ન તેમજ ૨૪x૭ દવાખાના બનાવવામાં શું શું સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી તે અંગેની વિચારણાઓ ચાલી રહી છે અને આગામી એકાદ-બે માસમાં આ અંગેનો આખરી નિર્ણય લેવાઈ જશે તેમ મનાઈ રહ્યું છે.

સંસ્થાકીય પ્રસુતિઓમાં સરકારી દવાખાનાઓમાં થતી પ્રસુતિની સંખ્યામાં વધારો થાય તે જોવા તંત્ર આતુર હોઈ આ દવાખાનાઓમાં ખાસ ગાયનેક સુવિધા પણ ઉભી કરવાનું આયોજન વિચારાયું હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ચૂંટણીની જગ્યાઓ મંજૂર થતાં જિલ્લા તંત્રમાં તોળાતા ફેરફારો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના વહીવટીતંત્રમાં આગામી દિવસોમાં વ્યાપક બદલીઓ કરવા માટેની કવાયત હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આવી રહેલી વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓને ધ્યાને રાખી ૬૪ જેટલી નવી જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. જેમાં ૨૩ નાયબ મામલતદાર, ૨૦ કારકુન તેમજ ડેટા એન્ટ્રી ઓપરેટર, ડ્રાયવર, પ્યુન સહિતની જગ્યાઓનો સમાવેશ થાયછે.

આ જગ્યાઓ ઉપરાંત વરસાદ ખેંચાતા ઉભી થઈ રહેલી સ્થિતિ માટે પણ કેટલીક જગ્યાઓ મંજૂર થઈ આવે તેવી શકયતાઓ રહેલી છે. હાલ ગાંધીનગર જિલ્લાના વહીવટી તંત્રમાં ઘણી બધી જગ્યાઓ ખાલી પડેલી છે.

ગાંધીનગર જિલ્લાની રચના થઈ ત્યારે જે મહેકમ હતું તે જ મહેકમ છે અને વયમર્યાદાને લઈ નિવૃત્ત થનાર કર્મચારીઓની સંખ્યાને કારણે ઘણી બધી જગ્યાઓ ખાલી પડી છે. હવે જિલ્લામાં ચાર તાલુકા થયા છે પણ નવા મહેકમને મંજૂરી આપવામાં આવી નથી.

આ ઉપરાંત ઓગષ્ટની મધ્યથી આવી રહેલા ભરચક સરકારી કાર્યક્રમોને લઈ પણ તંત્રની મુશ્કેલીઓ વધે તેવી સંભાવનાઓ પ્રવર્તી રહી છે.

તંત્ર દ્વારા ચૂંટણીની મંજૂર થયેલી જગ્યાઓ તાત્કાલિક ભરવાની હોવાથી તંત્રએ તે અંગેની કવાયતો હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.



આજની આ તસવીર જીઈબી કૉલોનીમાં સ્થિત એ આંબાની છે જ્યાં નગરની સ્થાપના પછી સૌ પ્રથમ કૅબિનેટ મળી હતી. જીઈબી કૉલોની એ શહેરની પ્રથમ વસાહત અને એમાં સ્થિત આ આંબો સૌપ્રથમ કૅબિનેટનો સાક્ષી, જેના છાંયે કૅબિનેટ મળી હતી. (તસવીર : દિપક જાની)

## ગાંધીનગર શહેરમાં વાઈરલ રોગચાળાએ માથું ઉંચક્યું

### રક્ષાબંધનની રજાના દિવસે પણ સિવિલ હોસ્પિટલમાં ૨૦૦થી વધુ કેસ ઓપીડીમાં નોંધાયા : તાવ અને મેલેરિયાના મહત્તમ કેસ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં છેલ્લા થોડાક સમયથી વાઈરલ રોગોનું જોર વધતાં શહેરીજનોના આરોગ્યના પ્રશ્નો પેચીદા બની જવા પામ્યા છે.

શહેરમાં તાવ ઉપરાંત મેલેરિયા તેમજ પાણીજન્ય રોગચાળાએ જે રીતે માથું ઉચક્યું છે તે અત્યંત ગંભીર સ્થિતિ આવનારા દિવસોમાં આકાર લેશે તેમ મનાઈ રહ્યું છે.

આજે રક્ષાબંધનની રજા હોવા છતાં ગાંધીનગર હોસ્પિટલમાં ઓ.પી.ડી.માં જ બસ્સોથી વધુ કેસો નોંધાયાનું જાણવા મળેલ છે. ખાસ કરીને વિવિધ બાંધકામ સાઈટ પર કામ કરતા મજૂરો તાવ અને મેલેરિયાના શિકાર બન્યા હોવાનું જણાઈ રહ્યું છે.

શહેરમાં જે ઝડપથી વાઈરલ રોગ વકરી રહ્યો છે તે આરોગ્યની અત્યંત ચિંતાજનક બાબત છે. વાઈરલ રોગમાં તાવના કેસોમાં પ્લેટલેટ કાઉન્ટ નીચા જતા હોવાની ચોંકાવનારી હકીકતો પણ નોંધાઈ રહી છે.

શહેરમાં મેલેરિયાના કેસો પણ દરરોજના ૮ થી ૯ જેટલા નોંધાતા હોવાનું જણાઈ રહ્યું છે. પાણીજન્ય રોગચાળાની સ્થિતિ ધીરે ધીરે નિયંત્રણમાં આવી રહી છે.



વરસાદ ખેંચાતા સર્જાયેલી સ્થિતિની સમીક્ષા કરવા કેન્દ્રીય કૃષિ મંત્રીની આગેવાનીમાં ઉચ્ચકક્ષાનું કેન્દ્રીય પ્રતિનિધિ મંડળ ગુરૂવારે સાંજે અમદાવાદ આવી પહોંચ્યું હતું. મોડીસાંજે પ્રદેશ કોંગ્રેસના આગેવાનો સાથે શરદ પવારજીએ ચર્ચા-વિચારણાઓ કરી હતી. શુક્રવારે સવારે રાજ્ય સરકારના અધિકારીઓ સાથે મહત્વની બેઠક યોજાશે. ગુજરાત સરકાર પરિસ્થિતિના પડકારને પહોંચવા વધુ કેન્દ્રીયના પેકેજની અપેક્ષા રાખે છે. શ્રી શરદ પવારે વિમાની મથકે ઔપચારિક વાતચીતમાં કહ્યું હતું કે, અછત-રાહતમાં રાજકારણ ન હોય... માત્ર માનવતાના ધોરણે આ મુદ્દા પર વિચારાશે.....

# એક લાખ કૃષિ વિષયક વીજ-જોડાણો યુદ્ધના ધોરણે આપવાનું અભિયાન

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં અપૂરતા વરસાદ અને અનિશ્ચિત ચોમાસાની પ્રવર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં પીવાના પાણી, પશુધન માટે ઘાસચારો અને ખરીફ પાક સહિત ખેતીવાડી માટે તાકીદના દુષ્કાળ રાહતના નિર્ણયો લેવા માટે ઉચ્ચ સત્તાધિકાર સમિતિની બેઠક તેમના નિવાસસ્થાને યોજી હતી.

### આપત્તિને અવસરમાં પલટાવીશું : ખેડૂતો, ગ્રામજનો પશુપાલકોની વ્હારે સરકાર

રક્ષાબંધનના પર્વની જાહેર રજાનો દિવસ હોવા છતાં મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને મળેલી મંત્રીઓ અને સચિવશ્રીઓની તાકીદની બેઠકમાં ત્રણ કલાકથી વધુ સમય વરસાદની અછતની પરિસ્થિતિમાં ખેડૂતોને અને ગ્રામસમાજ સહિત અબોલ પશુધનને દુષ્કાળમાં રાજ્ય સરકાર પૂરેપૂરી

### પીવાના પાણી માટે નર્મદા કેનાલ આધારિત પાઈપલાઈન નેટવર્કના ખૂટતી કડીના તમામ કામો પૂરાં કરાશે; વિશાળ પાયે ઘાસના વાવેતરનો કાર્યક્રમ

સજાગ અને સંવેદનશીલ રહીને આપત્તિનો પડકાર ઝીલવા સક્ષમ છે તે અંગેની ટૂંકા ગાળા અને લાંબા ગાળાના દુષ્કાળ વ્યવસ્થાપનના નીતિ વિષયક પગલાંની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

આ બેઠકમાં તાકીદે અમલમાં આવનારા મહત્વના જે નિર્ણયો લેવામાં આવ્યો હતો તેમાં ખરીફ પાક અને ખેતીવાડીમાં સિંચાઈ માટે ખેડૂતોને માટે એક લાખ જેટલા કૃષિ

● અનુસંધાન પાન-૭ પર

# શ્રાવણ અડધો વિત્યો છતાંય વરસાદ પૂરતો વરસ્યો નથી

ગાંધીનગર, તા. ૨

રાજ્યમાં લોકો વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે છતાં મેઘરાજાએ રિસામણા કર્યા હોઈ એમ મેઘો મન મૂકીને વરસતો નથી. અડધો શ્રાવણ મહીનો પૂર્ણ થયો છતાં યે પૂરતો વરસાદ નહીં પડતા રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં દુષ્કાળ જેવી સ્થિતિ ઊભી થઈ છે. દુષ્કાળની સ્થિતિની જાતમાહિતી મેળવવા આજે કેન્દ્રીય કૃષિ મંત્રી શરદ પવાર સચિવોની ટીમ સાથે ગુજરાત દોડી આવ્યા છે. રાજ્યના હવામાન વિભાગના નિષ્ણાતો અને જ્યોતિષાચાર્યો ઓગસ્ટના અંત સુધીમાં ગુજરાતમાં પૂરતો વરસાદ થશે એવી આગાહી કરી રહ્યા છે. હાલ આકાશમાં વાદળો ગોરંભાયા છે. પણ વરસાદ વરસતો નથી. રાજ્ય સરકારના પ્રવકતા જયનારાયણભાઈ વ્યાસે કહ્યું હતું કે, રાજ્યમાં પીવાના પાણીની સ્થિતિ વિકટ બને તેમ લાગતું નથી. મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં તાજેતરમાં થયેલા સારા વરસાદને લીધે સરદાર સરોવર, નર્મદા ડેમ, ઉકાઈ, કડાણા, ધરોઈ, અને દમણગંગા સહિતના જળાશયોમાં પાણીનો જથ્થો સંગ્રહિત થયો છે. દરમિયાન સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ આજ સુધીમાં પડેલો કુલ વરસાદ જોઈએ તો કચ્છમાં ૯ એમએમ, ઉત્તર ગુજરાતમાં ૧૫૦

● અનુસંધાન પાન-૭ પર


વિવેકાનંદ એકેડમી

સચિવાલય ક્લાર્ક તથા PSI ની પરીક્ષામાં

ફાસ્ટ ટ્રેક બેચ

છેલ્લા 25 વર્ષથી ગાંધીનગરના

શ્રી રાજુભાઈ પટેલના માર્ગદર્શનથી

બેચ શરૂ થવા તા. 5-8-2012 (રવિવાર)

PSI રૂ.2500/-

પ્રવેશ માટે સંપર્ક : 99256 98721


